પરિપત્ર:-

વિષય :- નિક્ષયમિત્ર પહેલ અંતર્ગત NSS સ્વયંસેવકો દ્વારા ટીબી દર્દીઓને સાયકોસોશીયલ સહયોગ પ્રદાન કરવા અંગે.

સંદર્ભ:- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક/૨સય/નીક્ષયમિત્ર પહેલ અંતર્ગત/2025/10874-947 તા.17/09/2025

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શીત પત્ર અન્વયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ સંલગ્ન તમામ કોલેજોના આચર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર્સને જણાવવાનું કે, ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત **"નિક્ષયમિત્ર પહેલ"** દ્વારા ટીબી દર્દીઓને સામાજિક, ભાવનાત્મક તથા પૌષ્ટીક સહયોગ ઉપલબ્ધ કરાવવા જનભાગીદારીને પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. આ પહેલમાં રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) સ્વયંસેવકોની સક્રિય ભાગીદારી અપેક્ષિત છે જેથી તેઓ પોતાના વિસ્તારમાના ટીબી દર્દીઓના **"નિક્ષયમિત્ર"** બનીને તેમને જરૂરી સહયોગ આપી સકે છે.

જીલ્લા ક્ષય વિભાગ દ્વારા સમયાંતરે ઓનલાઈન/ઓફલાઈન માર્ગદર્શન સત્રો યોજવામાં આવશે, જેમાં સ્પષ્ટપણે સમજાવવામાં આવશે કે ટીબી દર્દીઓને સહયોગ આપવા માટે **"નિક્ષયપોર્ટલ"** પર નોધણી કરવા પ્રોત્સાહિત કરો તથા તેમના દ્વારા આ સેવાભાવી કાર્યમાં યોગદાન સુનિશ્ચિત કરો. વધુ માહિતી માટે જિલ્લા ક્ષય અધિકારીનો સંપર્ક કરવા વિનંતી.

આ સંદર્ભમાં (એન.એસ.એસ.) NSS સ્વયંસેવકોનું સહકાર નિક્ષયમિત્ર પહેલ તથા ટીબી મુક્ત ભારત અભિયાનની સફળતા માટે અત્યંત મહત્વપૂર્ણ રહેશે.

પ્રો. કો-ઓર્ડીનેટરશ્રી
એન.એસ.એસ. વિભાગ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
જુનાગઢ

નોધ: પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરવાની રીત.

Community support website

(https://communitysupport.nikshay.in)

ક્રમાંક/બીકેએનએમયુ/એન.એસ.એસ./૧૧૫/૨૦૨૫.
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરશિહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,જુનાગઢ.
તા.25/09/2025

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજનાં
આચાર્યશ્રીઓ તથા પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ તરફ..

બિડાણ :

- સંદર્ભદર્શીત પત્રની નકલ

નકલ રવાના જાણ અર્થે : -

- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. સેલ, અમદાવાદ/ ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગાંધીનગર.
- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, બીકેએનએમયુ, તરફ
- આઈ.ટી.સેલ, બીકેએનએમયુ (પરિપત્ર વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ..)

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

ક્રમાંક:રસય/ નિક્ષયમિત્ર પહેલ અંતર્ગત /2025/ 10874-947 તા. ૧૭/૦૯/૨૦૨૫

પ્રતિ,

એન.એસ.એસ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટરશ્રી,

તમામ એન.એસ.એસ. સંલગ્ન યુનીવર્સીટીતમામ.

વિષય: નિક્ષય મિત્ર પહેલ અંતર્ગત NSS સ્વયંસેવકો દ્વારા ટીબી દર્દીઓને સાયકૉસોશિયલ સહયોગ પ્રદાન કરવા અંગે.

મહોદય,

"ટીબી મુકત ભારત અભિયાન" અંતર્ગત "નિક્ષય મિત્ર પહેલ" દ્વારા ટીબી દર્દીઓને સામાજિક, ભાવનાત્મક તથા પૌષ્ટિક સહયોગ ઉપલબ્ધ કરાવવા જનભાગીદારીને પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. આ પહેલમાં રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) NSS સ્વંયસેવકની સક્રિય ભાગીદારી અપેક્ષિત છે જેથી તેઓ પોતાના વિસ્તારમાંના ટીબી દર્દીઓના "નિક્ષય મિત્ર" બનીને તેમને જરૂરી સહયોગ આપી શકે છે.

જિલ્લા ક્ષય વિભાગ દ્વારા સમયાંતરે ઑનલાઇન/ઑફલાઇન માર્ગદર્શન સત્રો યોજવામાં આવશે, જેમાં સ્પષ્ટપણે સમજાવવામાં આવશે કે ટીબી દર્દીઓને સાયકૉસોશિયલ સહયોગ કઈ રીતે પ્રદાન કરવો.

અત: આપને વિનંતી છે કે આપના જિલ્લા હેઠળના તમામ (એન.એસ.એસ.) NSS સ્વયંસેવકોને પોતાના વિસ્તારમાંના ટીબી દર્દીઓને સહયોગ આપવા માટે "નિક્ષય પોર્ટલ" પર નોંધણી કરવા પ્રોત્સાહિત કરો તથા તેમના દ્વારા આ સેવાભાવી કાર્યમાં યોગદાન સુનિશ્ચિત કરો. વધુ માહિતી માટે જિલ્લા ક્ષય અધિકારીનો સંપર્ક કરવા વિનંતી.

આ સંદર્ભમાં (એન.એસ.એસ.) NSS સ્વયંસેવકોનું સહકાર નિક્ષય મિત્ર પહેલ તથા ટીબી મુકત ભારત અભિયાનની સફળતા માટે અત્યંત મહત્વપૂર્ણ રહેશે.

(ડૉ.ડી.આર.દવે)

રાજ્ય એન.એસ.એસ.અધિકારી

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,

ગુ.રા.ગાંધીનગર